**નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી/અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/ CCC+ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓને માન્યતા આપવા બાબત**

ગુજરાત સરકાર

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ટીઆરજી/૧૩૨૦૦૯/UOR-94/આઇટી

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૦૨/૦૮/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) સા.વ.વિ.ના તા.30/૦૯/૨૦૦૬ ના અંગ્રેજી જાહેરનામા ક્રમાંક :GS /2006/31/ખતપ /102005/1519/K

(૨) સા.વ.વિ.નો તા.30/૦૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: પરચ/ ૧૦૨૦૦૫ /૧૫૩૨/ક

(3) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૧/૦૨/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૪) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૬/03/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૫) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૬) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૫/03/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૭) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૯/૦૨/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૮) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૨/૦૬/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૯) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૭/૦૪/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૧૦) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૦/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૯/UOR-94/આઇટી

(૧૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૬/૦૯/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૧૨) ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી, ગાંધીનગરનો તા.૧૨/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંક: GIL/e-Gov/CCC/5314

**આમુખ:**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તારીખઃ 30/૯/૨૦૦૬ના જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ " કૉમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ " ની જોગવાઇઓ

હેઠળ રાજય સરકારના કર્મચારીઓ / અધિકારીઓ માટે સીધી ભરતી / બઢતીથી નિમણૂક પ્રસંગે, કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત બનાવાયેલ છે અને સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામે દર્શાવેલ ઠરાવથી " કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષા અંગેની કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેમના વિવિધ ઠરાવોથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/ CCC+ ની તાલીમ અને પરીક્ષા માટે સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા હેઠળના કેન્દ્રો, ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેઈનીંગ સંચાલિત આઇ.ટી.આઇ. કેન્દ્રો, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હેઠળના કેન્દ્રો, ટેકનીકલ પરીક્ષા બોર્ડ હેઠળની ઈજનેરી કૉલેજો/સરકારી પોલીટેકનીક વગેરેને તાલીમ અને પરીક્ષા કેન્દ્રો તરીકેની માન્યતા આપવામાં આવેલી છે. સાથોસાથ રાજય સરકારના કર્મચારીઓ / અધિકારીઓની વિશાળ સંખ્યાને ધ્યાને લઇને, ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી, સરકારી કર્મચારીઓ / અધિકારીઓને આ તાલીમ આપવા માટે ખાનગી તાલીમ સંસ્થાઓને પણ માન્યતા આપવામાં આવેલી છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪), (૫) ,(૬), (૭), (૮), (૧૦) અને (૧૧) સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી / અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓની માન્યતાની મુદત વખતોવખત લંબાવવામાં આવેલી છે. છેલ્લે વંચાણે લીધેલ ક્રમાંક (૧૧) સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી/અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/ CCC+ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓને માન્યતાની મુદત તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત બાબતે અત્રેથી નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી / અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓની માન્યતાની મુદત લંબાવવા અંગે, વંચાણે લીધેલ સંદર્ભ (૧૧)ના ઠરાવમાં માન્યતા આપવામાં આવેલ પાંચ ખાનગી સંસ્થાઓ પૈકીની એક સંસ્થા "રાષ્ટીય દ્રષ્ટીહીન કલ્યાણ સંઘ, વલસાડ" ને બદલે "નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇંડ, વલસાડ" રાખવા અંગે અને રાજ્યમાં વર્ષ ૨૦૧૩થી અમલમાં આવેલ નવા જિલ્લાઓનો રાજ્યના ઝોનમાં સમાવેશ કરવા અંગે ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ પાસેથી અભિપ્રાય મેળવવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૧૨) સામે દર્શાવેલ ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ, ગાંધીનગરના તા.૧૨/૦૫/૨૦૨૨ના પત્રની ભલામણ અન્વયે આ તાલીમ સંસ્થાઓની તાલીમ કેન્દ્રો તરીકેની માન્યતાની મુદત લંબાવવા, તેમજ રાજ્યના ઝોનેશન અંગે કેટલાક જરૂરી ફેરફાર કરવાની અને

અગાઉના ઠરાવથી માન્યતા પ્રાપ્ત પાંચ સંસ્થાઓ પૈકી એક સંસ્થાના નામ અંગે ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

યોગ્ય વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમાંક:(૧૧) સામે દર્શાવેલ આ વિભાગના તા.૦૬/૦૯/૨૦૧૯ના ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ આથી રદ કરવામાં આવે છે અને નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ / અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની CCC/ CCC+ની તાલીમ આપવા માટે આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ પાંચ ખાનગી સંસ્થાઓને તાલીમ કેન્દ્રો તરીકે આથી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી માન્યતા આપવાનું આથી ઠરાવવામાં આવે છે તથા આવા કર્મચારીઓને તાલીમ આપવા માટે નીચેની વ્યવસ્થા કરવાનું પણ ઠરાવવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી સંસ્થાઓને તા:૩૧/૦૩/૨૦૨૪ સુધી તાલીમની કામગીરી માટે માન્યતા આપવામાં આવે છે.

(૨) રાજય સરકારનાં નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી તાલીમી સંસ્થાઓમાંથી તેમની પસંદગીની કોઈપણ તાલીમી સંસ્થામાં કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની CCC/CCC+ માટેની તાલીમ લઈ શકશે. પરિશિષ્ટમાં દર્શાવેલ તાલીમી સંસ્થાઓની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરામર્શમાં સમયાંતરે સમીક્ષા કરી તેમાં જરૂરીયાત મુજબનો ફેરફાર કરી શકશે.

(૩) પરિશિષ્ટમાં દર્શાવેલ સંસ્થાઓ પૈકીની સંસ્થામાંથી નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓએ તાલીમ લીધેલ હશે તો તેઓએ આ અંગે ફી પેટે તાલીમ સંસ્થાને જે રકમ ચૂકવી હશે તે રકમ અથવા CCC ની તાલીમ માટે માટે ઠરાવેલ ફી પેટે રૂ.૯૦૦/- અને CCC+ ની તાલીમ માટે ઠરાવેલ ફી પેટે રૂ.૧૮૦૦/- પૈકી જે રકમ ઓછી હશે તેટલી રકમ જે તે કર્મચારી/અધિકારીએ સબંધિત તાલીમ સંસ્થાને ચૂકવેલ ફી ની પહોંચ રજૂ કરતાં, તેમની કચેરીમાંથી રીઈમ્બર્સ કરવાની રહેશે.

(૪) ખરેખર ખર્ચની મર્યાદામાં CCCની તાલીમ માટે રૂ.૯૦૦/- અને CCC+ ની તાલીમ માટે રૂ.૧૮૦૦/-પૈકી જે ઓછું હશે તેટલી રકમનું રીઈમ્બર્સમેન્ટ જે તે કર્મચારી/અધિકારી આ અંગે આઈ.ટી.આઈ./સ્પીપા/ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ અથવા સરકાર દ્વારા પરીક્ષા સંસ્થા તરીકે માન્યતા

પ્રાપ્ત સંસ્થા મારફત પરીક્ષા પાસ કર્યા બાદ જ અને પોતાની સેવાકાળ દરમ્યાન માત્ર એક વખત મેળવી શકશે. કર્મચારી/અધિકારી તાલીમ તથા પરીક્ષા તેઓ ઈચ્છે તેટલી વાર તેઓના ખર્ચે આપી શકશે. પરંતુ તેઓને રીઈમ્બર્સમેન્ટ ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે.

(૫.) અસ્થિવિષયક ખામી ધરાવતા અને બધિર કર્મચારીઓ/અધિકારીઓ ઉપર ફકરા-૨ માં ઉલ્લેખિત સંસ્થાઓ અથવા આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ સંસ્થાઓમાંથી, ગમે તે એકમાં તેમની ઈચ્છા મુજબ તાલીમ લઈ શકશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વિભાગ/કચેરી/સંસ્થાના બજેટમાં આઈ.ટી. સદરે થયેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

(૭) આ હુકમો સરકારશ્રીની તા.૨૦/૦૬/૨૦૨૨ની નોંધથી આ વિભાગની ફાઈલ પર મળેલી સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એચ.ગઢવી)
નાયબ સચિવ(આઇટી)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત જાહેર સેવા આયોગ. સેક્ટર-૧૦-(અ), છ-૩ સર્કલ,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , રાજકોટ / અમદાવાદ

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- ક શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ ભવન, અમદાવાદ
- ડાયરેકટરશ્રી(ઇ-ગવર્નનન્સ), ગુજરાત ઇન્ફર્મેટીકસ લી., ઉદ્યોગભવન, ગાંધીનગર તરફ સર્વે ખાનગી સંસ્થાઓને જાણ સારૂ.
- વિભાગના સર્વે ખાતાના વડાઓ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

પરિશિષ્ટ

**નેત્રહિન અને વિકલાંગ સરકારી કર્મચારી/અધિકારીઓ માટે CCC/CCC+ ની તાલીમ માટે તા. /07 /૨૦૨૨નાં ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી થી ઝોન વાઇઝ માન્યતા પ્રાપ્ત**

સંસ્થાઓનું બિડાણ

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|---|---|
| ૧. | વિકલાંગ વિદ્યાવિહાર<br>મુ.પો. માધાપર, કચ્છ-ભૂજ | કચ્છ ઝોન | કચ્છ |
| ૨. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ,<br>સ્ટેશન રોડ<br>મુ.પો.તા.ધોરાજી,<br>જિ. રાજકોટ | સૌરાષ્ટ્ર ઝોન | અમરેલી, ભાવનગર, બોટાદ, દેવભૂમી દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જુનાગઢ, મોરબી, પોરબંદર, રાજકોટ અને સુરેન્દ્રનગર. |
| ૩. | અંધજન મંડળ<br>ડૉ. જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ | ઉત્તર ગુજરાત ઝોન | અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા |
| ૪. | બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ<br>પંચમુખી હનુમાન મંદિર સામે, મંડાવ રોડ, દાહોદ | મધ્ય ગુજરાત ઝોન | આણંદ, છોટા ઉદેપુર, દાહોદ, ખેડા, મહિસાગર અને પંચમહાલ. |
| ૫. | નેશનલ એસોશીએશન ફોર ધી બ્લાઇન્ડ, વલસાડ જિલ્લા શાખા સીવીલ હોસ્પિટલ રોડ, નાનકવાડા, વલસાડ | દક્ષિણ ગુજરાત ઝોન | ભરૂચ, ડાંગ, નર્મદા, નવસારી, સુરત, વડોદરા, વલસાડ અને તાપી. |

(તરંગ અંધારિયા)
સેકશન અધિકારી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,